# આનંદઘનની આત્માનુભૂતિ

૭




A Conviction
that
Miracle

णमोत्थु णं समणस्स भगवओ महावीरस्स

શ્રી પ્રેમ-ભુવનભાનુ-પદ્મ-જયઘોષસૂરિસદ્ગુરુભ્યો નમઃ

શ્રી ભુવનભાનુસૂરિ જન્મશતાબ્દીએ નવલું નજરાણું - ૮૩

અધ્યાત્મ યોગીરાજ અવધૂત શ્રી આનંદઘનજી મહારાજ પ્રણીત પદ પર પરિશીલન

# આનંદઘનની આત્માનુભૂતિ

(સપ્તમ પદ)




પરિશીલનકાર

પ્રાચીન શ્રુતોદ્ધારક પ. પૂ. આચાર્યદેવ શ્રીમદ્વિજય **હેમચન્દ્રસૂરીશ્વરજી** મહારાજાના શિષ્ય

પ. પૂ. આચાર્યદેવ શ્રીમદ્વિજય **કલ્યાણબોધિસૂરીશ્વરજી** મહારાજ



પ્રકાશક : શ્રી જિનશાસન આરાધના ટ્રસ્ટ

પુસ્તકનું નામ : આનંદઘનની આત્માનુભૂતિ

મૂળ કૃતિ : અલગારી અવધૂત પ. પૂ. આનંદઘનજી મહારાજ પ્રણીત સપ્તમ આધ્યાત્મિક પદ

વિષય : આત્મજાગૃતિ તથા આત્મસ્વરૂપપ્રાકટ્ય

વિશેષતા : વિષયતૃષ્ણાનો વિલય કરવા માટે, સ્વરૂપવિલોકન દ્વારા આત્માનુભૂતિ કરવા માટે તથા સાધનામાં સહજતાનું સૌંદર્ય પૂરવા માટે એક અનુપમ આલંબન.

વિ. સં. ૨૦૬૭ • પ્રતિ : ૨૦૦૦ • મૂલ્ય : ૧૦૦/-

**પ્રાપ્તિ સ્થાન :**

1) શ્રી જિનશાસન આરાધના ટ્રસ્ટ, શ્રી ચંદ્રકુમારભાઈ જરીવાલા .. રૂ.નં.6, બદ્રિકેશ્વર સોસાયટી, મરીન ડ્રાઈવ ઈ રોડ, મુંબઈ-400 002. ફોન : 22818390, Email : devanshjariwala@gmail.com

2) શ્રી અક્ષયભાઈ શાહ .. 506, પદ્મ એપાર્ટ, જૈન મંદિર કે સામને, સર્વોદયનગર, મુલુંડ (પ.). મો. : 9594555505, Email : jinshasan108@gmail.com

3) શ્રી બાબુભાઈ સરેમલજી બેડાવાળા .. સિદ્ધાચલ બંગ્લોઝ, સેન્ટ એન હાઈસ્કૂલ પાસે, હીરા જૈન સોસાયટી, સાબરમતી, અમદાવાદ-5. મો.: 9426585904, Email : ahoshrut.bs@gmail.com

4) શ્રી મેહુલ જે. વારૈયા .. 401, પાર્શ્વનાથ એપાર્ટમેન્ટ, હનુમાન ચાર રસ્તા, સ્ટેટ બેંક ની ઉપર, ગોપીપુરા, સુરત-395 001. મો. : 9374717779, Email : mehuljvaraiya@gmail.com


5) શ્રી દિનેશભાઈ જૈન .. રૂમ નં.૮, પહેલે માળે, ૯, મલ્હાર રાવ વાડી, દાદીશેઠ અગિયારી લેન, કાલબાદેવી રોડ, મુંબઈ-400 002. મો.: 7738500031

6) પરેશભાઈ શાહ .. A/202, શિવકૃપા, લક્ષ્મીનારાયણ મંદિરની સામે, મથુરાદાસ રોડ, કાંદિવલી (પ.), મુંબઈ - 400 062. મો. 9820017030

7) મલ્ટી ગ્રાફિક્સ .. 18, Khotachi Wadi, Vardhaman Bldg., 3rd Floor, V. P. Road, Prathana Samaj, Mumbai - 4. Ph.: 23873222 / 23884222. E-mail : support@multygraphics.com

Design & Printed by : **MULTY GRAPHICS**... www.multygraphics.com

(c) Copyright held by Publisher & Author under Indian copyright act, 1957. http://copyright.govt.in/documents/copyright rules 1957.pdf



પરમ ! તારું..... તને

जिन मन्दिर-जल मन्दिर-जीव मन्दिर का पुण्य प्रयाग अर्थात्

## पावापुरी तीर्थ-जीवमैत्रीधाम

## SPONSOR (સુકૃત સહયોગી)

વિશ્વવિખ્યાત શ્રી પાવાપુરી તીર્થ-જીવમૈત્રી ધામ નિર્માતા

શ્રી કે. પી. સંઘવી પરિવાર...



આત્માનુભૂતિની આ આનંદયાત્રાના

લાભાર્થી બનીને આપે 'સંઘવી' પદને સાર્થક કર્યું છે.

અનુમોદના

# K. P. SANGHVI GROUP

**Name of the Entity**

*K. P. Sanghvi & Sons*

*Sumatinath Enterprises*

*K. P. Sanghvi International Limited*

*KP Jewels Private Limited*

*Seratreak Investment Private Limited*

*K. P. Sanghvi Capital Services Private Limited*

*K. P. Sanghvi Infrastructure Private Limited*

*KP Fabrics*

*Fine Fabrics*

*King Empex*

# અવધૂતને આહ્‌વાહન

અવધૂત તો આબુ-અચલગઢની
ગુફાઓમાં વસે...
આવી લોકમાન્યતા હોય છે.
પણ વાસ્તવમાં અવધૂત
આપણા સહુની ભીતરમાં વસે છે.
અનાદિકાળથી એ નિદ્રાધીન છે.
અધ્યાત્મ યોગીરાજ આનંદઘનજી મહારાજે
એને ઢંઢોળવાનો પરમ પ્રયાસ કર્યો છે.
આ જ પ્રયાસનું શબ્દચિત્ર એટલે પ્રસ્તુત પદ.

આ પદમાં જેમ જેમ ઊંડા ઉતરો,
તેમ તેમ યોગીરાજનું આહ્‌વાહન
અંતરમાં સ્પર્શતું જાય છે...
આ આહ્‌વાહનને આપણે ઝીલી લઈએ,
દેહમઠમાં નિદ્રા લેતા અવધૂતને જાગૃત કરીએ,
અને આત્માનુભૂતિનો આનંદ માણીએ
એ જ શુભાભિલાષા.

**- આચાર્ય વિજય કલ્યાણબોધિસૂરિ**





जग आशा जंजीर की
गति उलटी कुल मोर,
झक्यों धावत जगतमें
**रहे छूटो इक ठोर ।।साखी।।**

अवधू ! क्या सोवे तन मठमें?
जाग विलोकन घटमें, अवधू ! क्या सोवे तन मठमें?
तन मठ की परतीत न कीजें, ढहि परे एक पल में;
**हलचल मेटि खबर ले घट की,**
**चिह्ने रमतां जल में...१**

मठ में पंच भूत का वासा,
सासा धूत खवीसा;
छिन छिन तोही छलन कुं चाहे,
**समजे न बौरा सीसा...२**

शिर पर पंच वसे परमेसर,
घट में सूछम बारी;
आप अभ्यास लखे कोई विरला,
**निरखे 'ध्रू' की तारी...३**

आशा मारी आसन धरी घट में,
अजपाजाप जगावे;
आनंदघन चेतनमय मूरति,
**नाथ निरंजन पावे...४**

जग आशा जंजीर की

गति उलटी कुल मोर,

झकर्यो धावत जगतमें

रहे छूटो इक ठोर ।।साखी।।

જગતમાં આશાની સાંકળની ગતિ ઉલટી છે. જેનાથી બંધાયેલો દુનિયાભરમાં દોડે છે. અને જેનાથી છૂટેલો એક સ્થાનકે રહે છે. ।। સાખી ।।

એક હતો ગધેડો. તેનો માલિક રોજ તેને હેરાફેરી કરાવે. એક દિવસની વાત છે. બહુ દૂર સુધી માલ સામાન પહોંચાડીને હવે ઘર તરફ પાછા વળવાનું હતું. ગધેડો થાકીને લોથ-પોથ થઇ ગયો હતો. એનામાં ચાલવાના ય પૂરા હોંશ ન હતા. અધૂરામાં પૂરું એનો માલિક એના પર બેસી ગયો હતો. થાક... ભૂખ... તરસ... ભાર... ગધેડાને લાગ્યું કે હવે એક ડગલું પણ ચાલવું અશક્ય છે. એ ત્યાં ને ત્યાં ઊભો રહી ગયો. માલિકે ઘણા પ્રયત્નો કર્યા, પણ ગધેડો ટસનો મસ ન થાય. છેવટે માલિકે એક યુક્તિ કરી. એક લાકડીના છેડે દોરી બાંધી. તે દોરીમાં કેળું લગાડ્યું. અને પછી એ કેળું ગધેડાની બે ફૂટ આગળ ધરી દીધું.

બસ, થઈ રહ્યું, ગધેડાના મોઢામાં પાણી આવી ગયું. એને થયું કે ''એક ડગલું આગળ ચાલુ, એટલે આ કેળું મારા મોઢામાં. જેવો એ એક ડગલું ચાલ્યો, એટલે કેળું પણ એટલું જ આગળ જતું રહ્યું. ગધેડાને આશ્ચર્ય પણ થયું, અને કેળુ ખાવાની તેની ઉત્સુકતા પણ વધી ગઈ. એણે ફરી પ્રયત્ન કર્યો... ફરીથી એ જ દશા...

કેળાની આશામાં ને આશામાં ગધેડો ચાલતો જ રહ્યો, અને એમ ચાલતા ચાલતા માલિકના ઘર સુધી પહોંચી ગયો, કેળું તો માલિક પાસે જ રહ્યું. આ વાત માત્ર ગધેડાની નથી. આખા સંસારની છે.

**जग आशा जंजीर की**

ગરીબને ધનની આશા છે. વિદ્યાર્થીને સારા માર્કે પાસ થવાની આશા છે. નોકરને પગાર-વધારાની આશા છે. વંધ્યાને પુત્રની આશા છે. રોગીને આરોગ્યની આશા છે. અને બધા પોતપોતાની આશા પૂરી કરવા માટે દોડી રહ્યા છે.

**झकर्यो धावत जगत में**

આશા એ એવી આશ્ચર્યકારક બેડી છે, કે જેનાથી જકડાયેલો માણસ દુનિયાભરમાં દોડ્યા કરે છે. અને જેઓ એનાથી મુક્ત છે, તેઓ જાણે લંગડા હોય તેમ એક સ્થાને રહે છે. रहे छूटो इक ठोर આ જ વાત શાસ્ત્રકારોના શબ્દોમાં જુઓ -

आशा नाम मनुष्याणां, काचिदाश्चर्यशृङ्खला।
यया बद्धाः प्रधावन्ति, मुक्तास्तिष्ठन्ति पङ्गुवत्।।

સ્પૃહા, તૃષ્ણા, ઇચ્છા, કામના, મનોરથ, ઝંખના.... આ બધા આશાના પર્યાય છે. આશા રાખવી એટલે પોતાની જાતે પોતાની જાતને દુઃખી કરવી. જીવનમાં ક્યારે પણ દુઃખી થાઓ, ત્યારે શાંત ચિત્તે આત્મનિરીક્ષણ કરજો. દુઃખના મૂળમાં હશે કોઇ ને કોઇ આશા. ભાગવતમાં પણ કહ્યું છે -

आशा हि परमं दुःखं, नैराश्यं परमं सुखम्।


આશા જ પરમ દુઃખ છે. આશારહિતપણું પરમ સુખ છે.

નજીકના ભૂતકાળની એક ઘટના છે, હિમાલયની પહાડીઓ વચ્ચે એક ટુરિસ્ટ બસ પસાર થઇ રહી હતી. કડકડતી ઠંડી, બર્ફીલો પ્રદેશ... બસની અંદર બેઠેલા વિદેશી ટુરિસ્ટો ઓવરકોટની અંદર પણ ધ્રુજી રહ્યા હતાં. એવામાં તેમની નજર બહાર એક માણસ પર પડી. એની પાસે કાઇ કોટ કે બ્લેન્કેટ તો ન હતા, ચાદર કે શાલ પણ ન હતા, એટલું જ નહીં, એક લંગોટને બાદ કરતા એના શરીર પર કપડા પણ ન

આત્મસ્વભાવ સિવાય બીજી કોઇ
પણ વસ્તુ મેળવવા જેવી નથી.
શુદ્ધ આત્માનુભૂતિ સિવાય બીજી કોઈ પણ
ચીજની સ્પૃહા કરવા જેવી નથી.



Blessed is he who expects nothing,
for he shall never be disappointed.



હતાં.એને જોતાની સાથે ટુરિસ્ટો બરાબરના થીજી ગયા. બસ ઉભી રખાવી. હિમાલયમાં આનાથી મોટું 'જોવાલાયક સ્થળ' બીજું કયું હોઇ શકે? બધા એની પાસે પહોંચ્યા. એ તો એની મસ્તીમાં મસ્ત હતો. દુભાષિયા દ્વારા એને પૂછવામાં આવ્યું, ''तुम कौन हो?'' ખૂબ નિખાલસતા અને ઠંડકથી એ વ્યક્તિએ જવાબ આપ્યો – ''हम बादशाह है।''

બધાને હવે બીજો આંચકો લાગ્યો... આમ તો વિદ્વાન હોય એવું લાગે છે, પણ એની વાત અને એના દેદાર વચ્ચે મેળ ખાતો નથી. ખુલાસો પૂછવો તો છે, પણ શી રીતે પૂછવો? છેવટે તેમણે એની લંગોટ તરફ ઈશારો કર્યો. બીજી જ પળે એ બોલી ઉઠ્યો, ''इतनी ही तो बादशाहत में कमी है... नही तो सम्राट बन जाते....''

'આશા'ને વિશ્વના સામ્રાજ્યથી પણ સંતોષ નથી. જ્યારે આશામુક્ત વ્યક્તિ સર્વશૂન્યતામાં પણ સમ્રાટપણાનો આનંદ માણે છે. આશા કરવી જ હોય, તો એક જ વસ્તુની કરજો, જેનું નામ છે આશામુક્તપણું.

### *Desire to be desireless*

પ્રભુ વીરે વિશ્વને આ વાસ્તવિકતાનું દર્શન કરાવ્યું છે. કે આશાનો ખાડો કદી પણ પૂરાતો નથી. એ ખાડાને જેમ જેમ પૂરો, તેમ તેમ એ વધુ ને વધુ ખોદાતો જાય છે. **ઉત્તરાધ્યયન સૂત્ર**માં કહ્યું છે –

इच्छा हु आगाससमा अणंतिया ।।९-४८।।

જો આકાશનો અંત મળે, તો આશાનો અંત મળે... પણ એ શક્ય નથી, કારણ કે આકાશ અને આશા બંને અનંત છે. આત્માનુભૂતિની અવર્ણનીય કક્ષામાં આત્માનુભૂતિની પણ આશા હોતી નથી. પૂર્ણપણે 'નિરાશીપદ'ની પરિણતિ જ આત્માનુભૂતિનું અર્પણ કરે છે. સાધકે કમ સે કમ કક્ષામાં તો આવી જ જવું જોઇએ, કે જેમાં આત્માનુભૂતિ સિવાય બીજી કોઈ પણ ચીજની આશા ન હોય. આ જ કક્ષાને **જ્ઞાનસાર**માં સ્પષ્ટ કરી છે –

स्वभावलाभात् किमपि, प्राप्तव्यं नावशिष्यते।
इत्यात्मैश्वर्यसम्पन्नो, निःस्पृहो जायते मुनिः।।१२-१।।

મુનિ આત્મિક-ઐશ્વર્યસંપન્ન હોય છે, નિઃસ્પૃહ હોય છે. કારણ કે એક વાત તેના મનમાં બરાબર બેસી ગઇ હોય છે કે આત્મસ્વભાવ સિવાય બીજી કોઇ પણ વસ્તુ મેળવવા જેવી નથી. શુદ્ધ આત્માનુભૂતિ સિવાય બીજી કોઈ પણ ચીજની સ્પૃહા કરવા જેવી નથી. આવી નિરાશ-નિઃસ્પૃહ દશાની પ્રાપ્તિ થાય, ત્યારે સાધક કંચન અને કામિનીના કુંડાળાથી તો મુક્ત બની જ જાય છે, શાસ્ત્ર અને ઉપદેશની સીમાને ય પાર કરી જાય છે. આત્માનુભૂતિની એ અવર્ણનીય ભૂમિકાને સાધી આપે છે નિઃસ્પૃહત્વ. **અષ્ટાવક્રગીતા**માં કહ્યું છે –

क्व धनानि? क्व मित्राणि? क्व मे विषयदस्यवः।
क्व शास्त्रं क्व च विज्ञानं? यदा मे गलिता स्पृहा।।

જ્યારે મારી સ્પૃહા ઓગળી ગઈ છે, ત્યારે ધન ક્યાં... મિત્રો ક્યાં... વિષય-ચોરો ક્યાં.. શાસ્ત્ર ક્યાં અને વિજ્ઞાન પણ ક્યાં... હવે આમાંથી મારું કશું જ નથી.. હવે મારે કશું ય મેળવવાની જરૂર નથી... હવે ક્યાં ય દોડવાની આવશ્યકતા નથી.

### रहे छूटो इक ठोर

હવે તો મારે માત્ર એક જ સ્થાનમાં રહેવાનું છે. જેનું નામ

છે મારો 'આત્મા'. જીવ ગામમાં રહે કે જંગલમાં રહે, એ બાલપરિભાષા છે. વિબુદ્ધ-પરિભાષા તો એ તમામ સરનામાઓને ઓળંગી જાય છે.

रहे छूटो इक ठोर


*સમાધિ તંત્ર*માં આ જ પરિભાષાને સ્પષ્ટ કરી છે -

ग्रामोऽरण्यमिति द्वेधा, निवासोऽनात्मदर्शिनाम्।
दृष्टात्मनां निवासस्तु, विविक्तात्मैव निश्चलः।।

ગામ અને વન. આ રીતે બે પ્રકારના નિવાસ હોય છે, આ તેમની માન્યતા છે કે જેમણે આત્માને જોયો નથી. આત્મદ્રષ્ટાઓને મન તો એક જ નિવાસ હોય છે - શુદ્ધ નિશ્ચલ આત્મા. તેઓ આત્મામાં જ વસે છે, અને આત્મામાં જ રમણ કરે છે.

रहे छूटो इक ठोर

જે આશાએ આપણને અનાદિકાળથી દોડાવ્યા છે... હંફાવ્યા છે... હત પ્રહત કરી દીધા છે... એ જ આશાને પુષ્ટ કરવાની મૂર્ખતા આપણે કરશું? આ અવસર તો એક સ્થાને ઠરવા માટે છે, કે જ્યાં ઠર્યા પછી બીજે ક્યાંય ફરવાની - ભટકવાની કોઈ જ આવશ્યકતા નથી. એક વાર આ પરિસ્થિતિની પ્રતીતિ થઈ જાય, અજ્ઞાનનિદ્રાનો અંત આવે, આત્માનુભૂતિનું સુવર્ણપ્રભાત થાય, એટલે આત્મા કૃતાર્થ બને, આ જ લક્ષ્ય સાથે પદકાર પદનો પ્રારંભ કરી રહ્યા છે...



अवधू ! क्या सोवे तन मठमें?
जाग विलोकन घटमें, अवधू ! क्या सोवे तन मठमें?

तन मठ की परतीत न कीजें, ढहि परे एक पल में;
हलचल मेटि खबर ले घट की, चिह्ने रमतां जल में...१

## अवधू ! क्या सोवे तन मठ में...?



અવધૂત ! તું તારા શરીરરૂપી મઠમાં શું સૂઈ રહ્યો છે? વિલોકન-ઘટ પ્રત્યે તું જાગૃત થા. તું શરીરરૂપી મઠનો વિશ્વાસ ન કરતો. એ તો ક્ષણમાં ધસી પડે તેવો છે. તું બીજી હીલચાલ છોડીને ઘટની ખબર લે, કે એ લક્ષણથી જળમાં રમે છે. ||૧||

ગયા વર્ષની વાત છે. તેરાપંથી આચાર્ય મહાપ્રજ્ઞનું અવસાન થયું. ઉદયપુરથી રાતોરાત એક કાર રવાના થઈ તેમના અંતિમ દર્શન માટે. આખી રાતની મુસાફરી થઇ. વહેલી સવારનો સમય હતો. હજી ગાઢ અંધારું હતું. આખી રાતના ઉજાગરાને કારણે ડ્રાઈવરને બે સેકન્ડ પૂરતું ઝોકું આવી ગયું. રસ્તાની એક બાજુમાં ટ્રેલર પડ્યું હતું. કાર તેની સાથે અથડાઈ ભયાનક અકસ્માત થયો. ઘટનાસ્થળ પર જ પાંચ મોત થઈ ગયા.

જો દ્રવ્યનિદ્રાનો પણ આવો ખતરનાક અંજામ હોય, તો પછી ભાવનિદ્રાના પરિણામની તો શું વાત કરવી? સંત કબીરે કહ્યું છે -

**नींद निशानी मौत की, जाग सके तो जाग.**

બે ક્ષણની દ્રવ્યનિદ્રા એક મોતનું કારણ બની શકે છે... એક સમયની પણ ભાવનિદ્રા અનંત મરણનું કારણ બની શકે છે. આનંદઘનજી મહારાજ આ જ વાસ્તવિકતાને નજર સામે રાખીને કહે છે -

**अवधू ! क्या सोवे तन मठ में?**

અવધૂત અને નિદ્રા આ બંને ઉત્તરધ્રુવ અને દક્ષિણધ્રુવ જેવા છે, જે કદી પણ એક સાથે રહી શકતા નથી. 'क्या' શબ્દ આ જ 'વિરોધી સ્થિતી' સમક્ષ પ્રશ્ન ઉઠાવે છે. જે અવધૂત છે, એ કદી સૂતો ન હોય, અને જે સૂતો હોય, એ કદી અવધૂત ન હોય. જો તું અવધૂત છે, તો પછી તું સૂતો શા માટે છે? *કથાસરિત્સાગર* નામના ગ્રંથમાં કહ્યું છે -

स्वपन्त्यज्ञा हि निश्चेष्टाः, कुतो निद्रा विवेकिनाम्?।

અજ્ઞાની જીવો જડની જેમ સૂતા રહે છે, વિવેકીઓને નિદ્રા ક્યાંથી હોય? તેઓ તો હંમેશા જાગૃત રહે છે.

अवधुनाति मोहनिद्रामित्यवधूतः।

જેણે મોહનિદ્રાને ખંખેરી નાખી છે, એનું નામ અવધૂત. અવધૂત પ્રતિક્ષણ જાગૃત હોય. માટે જ *આચારાંગસૂત્ર*માં કહ્યું છે -

सुत्ता अमुणी सया,
मुणिणो सया जागरंति।।१-३-१-१०६।।

જે સૂતેલા છે, તે મુનિ નથી. કારણ કે મુનિઓ તો હંમેશા જાગૃત હોય છે.

આત્માનું વિસ્મરણ એ જ મોહનિદ્રા. આત્માનું સ્મરણ એ જ જાગૃતિ. મુનિને શયનક્રિયામાં પણ આત્માનું વિસ્મરણ ન હોય, માટે મુનિ સર્વ અવસ્થામાં જાગૃત હોય. પ્રસ્તુત પદમાં સામાન્ય નિદ્રાનો નહીં પણ મોહનિદ્રાનો નિષેધ કર્યો છે. જો સામાન્ય નિદ્રાનો નિષેધ કરવો હોત, તો 'क्या सोवे' આટલું કહીને અટકી જાત. પણ પદકારનો ઈશારો મોહનિદ્રા તરફ છે. માટે નિદ્રાના આશ્રયનો સંકેત કર્યો છે -

**अवधू ! क्या सोवे तन मठ में?**

દેહની મૂર્ચ્છા... શરીરમાં આત્મભાન... એ જ તો મોહનિદ્રા છે. શરીર સાધ્ય નથી, એ તો આત્મસાધના કરવા

માટે સાધનમાત્ર છે. જે સાધનમાં જ અટકી જાય, એ કદી સાધ્યની પ્રાપ્તિ ન કરી શકે.

સોનાલી નામની એક યુવતી. હોંશે હોંશે બહેનપણીના લગ્નમાં આવી હતી. છેલ્લા કેટલાય સમયથી એની સખી એક એન.આર.આઇ અમેરિકન યુવકના પ્રેમમાં હતી, એની એને જાણ હતી. પત્રિકામાં વીકી-પિંકીનું નામ વાંચી એને આનંદ પણ થયો હતો. પણ જ્યાં વરરાજાના 'દર્શન' થયા, કે એનો બધો ઉભરો શાંત થઇ ગયો. બીજા દિવસે પિંકી સાથે ફોનમાં વાત કરી... ''આ વીકી?'' ''વિઠ્ઠલ કમલેશકુમાર...'' ''પણ તું તો પેલા અમેરિકન...'' ''ડોન્ટ બી સીલી સોનાલી! આ વીકી હંમેશા એનો પ્રેમપત્ર લાવતો.'' ''શું?'' ''હા, એ પોસ્ટમેન છે, પેલો તો કેટલો દૂર છે, એટલે હું આને જ પરણી ગઇ.''

સાધ્ય અને સાધનનો વિવેક ન રહે, તો આવી વિચિત્રતાઓ સર્જાય. મહોપાધ્યાય યશોવિજયજી મહારાજાએ પ્રભુ પ્રત્યે કૃતજ્ઞતાની અભિવ્યક્તિ કરતા કહ્યું છે -

साध्य साधन दिखलाइ...

પ્રભુ ! તારો બહુ મોટો ઉપકાર એ છે કે તે અમને સાધ્ય-સાધનની પરિભાષા સ્પષ્ટ કરી આપી છે.

જો ભગવાન પોતે જ જીવોને ઉચકી ઉચકીને મોક્ષમાં મુકી દેતા હોત, તો ક્યારનો ય સમગ્ર સંસારનો મોક્ષ થઈ ગયો હોત. પ્રભુ તો વિવેકસભર જાગૃતિનું અર્પણ કરે છે. જે આ અર્પણને ઝીલી શકે... મોહનિદ્રાને ખંખેરી નાખે... તે આત્મા વાસ્તવમાં અવધૂત બને છે. પછી તેને અજરામર બનતા વાર લાગતી નથી.

મૂળ વાત આ છે, શરીર એ માત્ર સાધન છે. સાધનની સરભરામાં સાધ્યનું વિસ્મરણ ન થઈ જાય, એ અત્યંત આવશ્યક છે. એના માટે ખૂબ જરૂરી છે જાગૃતિ.

## जाग विलोकन घट में

નાનકડી છે આ પંક્તિ. પણ એમાં બે વિરાટ સાધનાસૂત્રોને સમાવી લીધા છે.

(૧) તું જાગૃત થા.

(૨) જાગૃત થવા માટે ભીતરમાં દૃષ્ટિ કર. તારી નજરને શરીર પરથી ઉઠાવીને આત્મા પર સ્થિર કરી દે.

***ઋષિભાષિત નામના આગમસૂત્રમાં*** આ જ સાધનાસૂત્રો તરફ અંગુલિનિર્દેશ કર્યો છે -


आतट्ठे जागरो होहि।।३५-१५।।

તું આત્મકલ્યાણ માટે જાગૃત થા.

વર્ષો પહેલા અમે વડોદરામાં ચાતુર્માસ કર્યું હતું. ત્યાંના એક શ્રાવકે અમને કહ્યું કે ''હિંદુ-મુસ્લિમના તોફાનો ચાલતા હતા. ત્યારે મુસ્લિમોએ એવી યોજના બનાવી હતી કે અમને અડધી રાતે ઉંઘતા જ બાળી નાખવા. અમે અમારી રક્ષાની બધી જોગવાઇ કરી. અલગ અલગ જગ્યાએ સુરક્ષા ગોઠવી. એમના કોઈ માણસો આવ્યા, તો એમને સાથે લઇને પ્રેમથી બધી વ્યવસ્થા દેખાડી. એ લોકોએ વળી પોતાના વિસ્તારમાં જઈને અમારી મજબૂત સુરક્ષાનું વર્ણન કર્યું. તોફાનના દિવસો વીતી ગયા. અમારો વાળ પણ વાંકો થયો નહીં.''

આટલું કહીને એ શ્રાવકે જે છેલ્લુ વાક્ય ઉમેર્યુ એ ખૂબ મનનીય છે - ''અમે સૂતા જ નહીં, પછી તેઓ અમને શી રીતે બાળી શકે?''


શરીર પ્રત્યેની મમત્વબુદ્ધિ આત્મદષ્ટિ પર ચિનગારી નાખે છે.
વિષયાશંસા આત્મવિભૂતિને ભસ્મસાત્ કરે છે.
તું જાગૃત થા.
જાગૃત થવા માટે
ભીતરમાં દષ્ટિ કર.
તારી નજરને શરીર
પરથી ઉઠાવીને
આત્મા પર
સ્થિર કરી દે.
તું આત્મકલ્યાણ માટે જાગૃત થા.
You have to awake for
Self-Welfare.




યજુર્વેદમાં કહ્યું છે -

भूत्यै जागरणमभूत्यै स्वपनम्।

જાગૃતિથી આબાદી છે, સૂવાથી બરબાદી છે.

ભયાનક હુલ્લડો ચાલતા હોય, અને એમાં કોઈ પેટ્રોલ છાંટીને જીવતા બાળી નાખે, એમાં આત્માને નુકશાન નથી. આત્માની બરબાદી તો મોહનિદ્રા કરે છે. મોહનિદ્રાના સમયે કષાયો આત્મગુણોની હોળી કરે છે. શરીર પ્રત્યેની મમત્વબુદ્ધિ આત્મદૃષ્ટિ પર ચિનગારી નાખે છે. વિષયાશંસા આત્મવિભૂતિને ભસ્મસાત્ કરે છે. દ્રવ્ય-અગ્નિ જડને બાળે છે, ભાવ-અગ્નિ ચેતનને બાળે છે. તેનાથી બચવાનો માત્ર એક ઉપાય છે, નિદ્રાને ખંખેરીને જાગૃત થાઓ. આગમસૂત્ર *બૃહત્કલ્પ-ભાષ્યમાં* કહ્યું છે -

जो सुवति न सो सुहितो,
जो जग्गति सो सया सुहितो।

જે સૂઇ જાય છે, તે દુઃખી થાય છે. જે જાગે છે, તે સુખી થાય છે.

જાગૃતિ અને સુષુપ્તિની આ બે બાજુઓ સ્પષ્ટ છે. એક બાજુ અનંત આત્મહિત છે. તો બીજી બાજુ આત્માનું

અનંત અહિત છે. આ એક જન્મ એવો મળ્યો છે, કે જેમાં પસંદગી આપણા હાથમાં છે, કઈ બાજુ જવું એનો નિર્ણય આપણને સ્વાધીન છે... આ પરિસ્થિતિમાં અસત્ નિર્ણય લેવાની મૂર્ખતા શે કરાય? જાગૃતિને તરછોડીને સુષુપ્તિને સન્માનવાની કુચેષ્ટા શી રીતે કરાય?

**अवधू ! क्या सोवे तन मठ में?**
**जाग विलोकन घट में**

રાતના પોણા બે વાગ્યાનો સમય હતો. ચોકીદારે પહાડી અવાજે બાંગ પોકારી... ''जागते रहो...'' એપાર્ટમેન્ટના ત્રીજા માળે એક બારી ખુલી. એક માજી છણકો કરીને બોલ્યા, ''જાગવું હોત, તો તને શા માટે રાખત?''

વ્યવહારિક દૃષ્ટિએ કદાચ માજીની વાત સાચી હશે. એક ચોકીદારના જાગવાથી આખી સોસાયટી નિશ્ચિંત બની જતી હશે, પણ આધ્યાત્મિક ક્ષેત્રમાં આ રીત ઉપયોગી નથી. અહીં તો પ્રત્યેક આત્માએ સ્વયં જાગૃત રહેવું અનિવાર્ય છે. ભૌતિક જગતમાં વ્યક્તિ સૂઈ જાય, તો ય લૂંટફાટનો વિકલ્પ રહે છે... ચોરી થાય પણ ખરી, અને ન પણ થાય. પણ આધ્યાત્મિક જગતમાં તો એક ઝોકું પણ આવી જાય, એટલે નિશ્ચિતરૂપે લૂંટફાટ થાય થાય ને થાય જ.

**अवधू ! क्या सोवे तन मठ में?**
**जाग विलोकन घट में**

અનાદિકાળની આ અજગર જેવી ઘોર નિદ્રા છોડીને તું જાગૃત થા. આત્મજાગૃતિનો આ અવસર છે. એને ઝડપી લે, એમાં આત્માનું કલ્યાણ જ કલ્યાણ છે. અને જો તું ચૂકી જાય, શરીર પ્રત્યેના મમત્વમાં જ અટવાઈ જાય, તો એમાં તારા આત્માને કોઈ જ લાભ નથી, કારણ કે શરીર પાસે કોઇ આશા રાખવા જેવી નથી.

**तन मठ की परतीत न कीजें,**
**ढहिं परे एक पल में.**

અવધૂત જ્યાં રહે તેને મઠ કહેવાય. અવધૂત છે આત્મા. આત્મા શરીરમાં રહે છે, માટે એને મઠ કહેવાય. આ તન-મઠનો કોઇ જ ભરોસો રાખવા જેવો નથી. કારણ કે આ મઠને કડડભૂસ થતા કાચી સેકંડની પણ વાર લાગતી નથી.

રાજા ગોપીચંદ એના મહેલના પ્રાંગણમાં આવેલા સ્નાનાગારમાં સ્નાન કરી રહ્યો હતો. એની આઠે રાણીઓ એને વીંટળાઇ વળી હતી. ગોપીચંદના સુંદર દેહ પર તેમના મુલાયમ હાથો ફરી રહ્યા હતા. ગ્રીષ્મ ઋતુના એ સમયમાં શીતળ જળથી સ્નાન ચાલુ હતું, એ સમયે ગોપીચંદની પીઠ પર એક ઉષ્ણ બિંદુ પડ્યું. ઉપર જોયું તો ઝરુખામાં પોતાની માતા છે. એની આંખો ભીની છે.

અધવચ્ચેથી સ્નાનને આટોપીને ગોપીચંદ દોડ્યો. માતાની લાલ લાલ આંખો એના વિષાદની જાહેરાત કરતી હતી. હજી પણ ચહેરા પરના અશ્રુઓ સુકાયા ન હતા... ''મા! ???'' સંબોધનમાં જ પ્રશ્ન સમાઈ ગયો હતો. માતાએ શિથિલ સ્વરે કહ્યું, ''બેટા ! રંગ રાગમાં ડુબ્યો રહીશ, તો આત્મહિત ક્યારે કરીશ? તારા પિતા પહેલવાન જેવા હતા, તને તો ક્યાંય શરમાવે એવું એમનું શરીર હતું, તો ય એક દિવસ સ્મશાનમાં...''

**तन मठ की परतीत न कीजें,**
**ढहिं परे एक पल में.**

માતાના એક જ વાક્યથી ગોપીચંદને આ સત્ય સમજાઇ ગયું. એ જ ક્ષણે રાજપાટને છોડીને એણે આત્મસાધનાનો માર્ગ પકડી લીધો. પેલી સજ્ઝાયના શબ્દો વારંવાર યાદ કરવા જેવા છે.

**કંચન જેવી કાયા તારી રાખમાં રોળાશે.**

અજ્ઞાની જીવને શરીર પર આસ્થા છે.. આશ્વાસ છે... ભરોસો છે... મદાર છે... એને ખબર નથી કે આ શરીર તો પત્તાના મહેલ જેવું તકલાદી છે. ક્ષણભંગુર છે. 'શરીર' શબ્દ જ એની આ વાસ્તવિકતાનો સાક્ષી છે -

शीर्यत इति शरीरम्।

જે શીર્ણ-વિશીર્ણ થઈ જાય... વેર-વિખેર થઇ જાય... નષ્ટ-પ્રણષ્ટ થઇ જાય... એનું નામ શરીર. આવા શરીરનો શો ભરોસો? એ તો ક્ષણવારમાં 'હતું - ન હતું' થઇ જાય.

**तन मठ की परतीत न कीजें,**
**ढहि परे एक पल में**

સાર એ જ છે કે શરીર પરથી સર્વ ધ્યાનનો ઉપસંહાર કરીને આત્મા ઉપર સર્વ ધ્યાન કેન્દ્રિત કરી દેવાય. 'અનિત્ય'ની ચાહે ગમે તેટલી સાર-સંભાળ કરો, એક ક્ષણે એ એની અનિત્યતાનો પરચો આપી જ દેવાનું છે, તો પછી એને ભૂલીને 'નિત્ય'ની જ સરભરા કેમ ન કરવી?


**हलचल मेटि खबर ले घट की**

શરીર ખાતર કરાતી બધી જ હલચલ... બધી ય ઉથલપાથલ છોડીને તું તારા આત્માની ખબર લે. આત્માનું કલ્યાણ કરવા પ્રયત્ન કર. આત્માની ખબર શી રીતે લઇ શકાય? એનો ઉપાય પણ આગળની પંક્તિમાં દેખાડ્યો છે - 'ચિહ્ને' જે વસ્તુને ચર્મચક્ષુથી ન જોઈ શકાય, તેને તેના ચિહ્નથી = લક્ષણથી જાણી શકાય છે. જેમ કે પર્વત પર રહેલો અગ્નિ ન દેખાય. પણ ધુમાડાના ગોટે ગોટા જોઇને અગ્નિનું અનુમાન થઈ શકે છે. તેમ આત્મા પણ લક્ષણ દ્વારા જણાઇ શકે છે. આત્મા પ્રશમરસમાં રમી રહ્યો છે, કે કષાયરસમાં? એ તો આપણે પણ જાણી શકીએ છીએ. અને તેના જ પરથી આત્માની સ્થિતિનું પણ ભાન થઇ જાય છે.

**चिह्नें रमता जल में**

'ઘટ' છે, તો એ જલક્રીડા તો કરતો રહેવાનો. જાગૃત સાધક ઇમાનદાર ચોકીદારની જેમ સતત ચાંપતી નજર રાખે છે. એ દિવસ રાત આત્મનિરીક્ષણ કરે છે. આત્મા સદા ય પ્રશમરસમાં જ ઝીલતો રહે. કષાયજળનો એક છાંટો ય તેને ન સ્પર્શે, તે માટે સાધક હંમેશા સાવધાન રહે છે. આ સાવધાની એનું જ નામ આત્મજાગૃતિ.

જ્યાં સુધી દેહ પરથી મમત્વ ભાવ ઉતરી ન જાય, ત્યાં સુધી આત્મજાગૃતિ આવે નહી, માટે હવે તન-મઠની વિષમ વાસ્તવિકતાઓ રજુ થઇ રહી છે.



मठ में पंच भूत का वासा,
सासा धूत खवीसा;

छिन छिन तोही छलन कुं चाहे,
समजे न बौरा सीसा...२

**अवधू ! क्या सोवे तन मठ में...?**



(પોતાની) ગેરસમજ છે. આ એક માત્ર ગેરસમજ પર આખા સંસારનું સર્જન થયું છે. જે ક્ષણે આ ગેરસમજ વિદાય લઈ લે, તે ક્ષણે સંસારનો અંતિમ તબક્કો આવી જાય.

જ્યારે બાહ્ય જગત પર દૃષ્ટિપાત કરું, ત્યારે એ વિચાર આવે છે, કે જેનો આધાર ભ્રાંતિ છે, એ સત્ય હોય, તો ય શું? કદાચ સ્વપ્નમાં આવેલા સ્વપ્નની તોલે આ વિશ્વ છે. જે અસત્યનું ય અસત્ય છે, એને સત્ય માનીને હર્ષ-શોક રાગ-દ્વેષ કરવા... હાય વોય અને ઉકળાટ કરવા... એ કેટલી વિચિત્ર બીના ! આ જ તો ભૂતોએ કરેલી છલના છે. પણ અજ્ઞ જીવો અનંતકાળ સુધી એને સમજી શકતા નથી.

**છિન છિન તોહી છલન કું ચાહે**
**સમજે ન બૌરા સીસા...**

મૂર્ખ શિષ્ય સમજતો નથી, કે પ્રતિક્ષણ પાંચ ભૂતો અને છટ્ઠો ખવીસ છળવા ઇચ્છે છે, અને પોતાની મૂર્ખતાને કારણે એમની ઇચ્છા સફળ પણ થાય છે.


સાર એ જ છે, કે આ ભૂતિયા મઠ પરનો મમકાર પણ છોડી દઈએ, અને અહંકાર પણ છોડી દઈએ. અર્થાત્ દેહ-મઠ મારો છે, એવી ગેરસમજ પણ છોડી દઈએ, અને આ દેહ મઠ એ જ હું છું, એવી ગેરસમજથી પણ મુક્ત થઈ જઈએ, તો જ એ છલનાથી બચી શકાય.

પાંચ ભૂતોનો બીજો અર્થ છે પાંચ ઈન્દ્રિયો. તેઓ પણ સતત જીવને છળવા ઈચ્છે છે. જો આત્મજાગૃતિ ન હોય, તો તેઓ જીવનું ધનોતપનોત કાઢી નાખે છે. ઈન્દ્રિયપરાજયશતકમાં કહ્યું છે -

इंदियधुत्ताणमहो !, तिलतुसमित्तं पि देसु मा पसरं।
जइ दिन्नो तो नीओ, जत्थ खणो वरसकोडिसमो।।३।।

ઈન્દ્રિયો તો અત્યંત ધૂર્ત્ત-ઠગ છે. તેમને તલના ફોતરા જેટલો પણ પ્રસાર-અવકાશ ન આપશો. જો આપશો, તો ત્યાં જશો, કે જ્યાં એક ક્ષણ પણ કરોડ વર્ષ જેવી લાગે છે. અર્થાત્ જે ઈન્દ્રિયોથી છળાય છે, તેમને નરકનું ભયાનક દુઃખ ભોગવવું પડે છે.

આ ભૂતો અને ખવીસની છલનાથી બચીને આત્માને જે સ્થાને દોરી જવાનો છે, તે જ અગોચર સ્થાનની હવે રજુઆત થઈ રહી છે...



शिर पर पंच वसे परमेसर,
घट में सूछम बारी;

आप अभ्यास लखे कोई विरला,
निरखे 'ध्रू' की तारी...३

**अवधू ! क्या सोवे तन मठ में...?**

શિર પર પંચ પરમેષ્ઠી વસે છે. ઘટમાં સૂક્ષ્મ બારી છે. કોઈ વિરલા આત્મઅભ્યાસથી ઓળખે છે, ત્યારે ધ્રુવનો તારો જુએ છે. ।।૩।।

પંચ પરમેષ્ઠી શિર પર વસે છે. અર્થાત્ પ્રત્યેક આત્મપ્રદેશ પર પંચ પરમેષ્ઠી પ્રતિષ્ઠિત છે. આ પંક્તિનો અર્થ અત્યંત ગંભીર છે. આજે અરિહંત પરમાત્મા દ્રવ્યથી મહાવિદેહક્ષેત્રમાં છે, પણ ગુણથી પ્રત્યેક જીવમાં સાક્ષાત્ બિરાજમાન છે.

અરિહંત = અરિ ને હણનાર. આંતરશત્રુઓનો નાશ કરવાનું સામર્થ્ય આપણા જીવમાં રહેલું છે.

સિદ્ધ = પૂર્વબદ્ધ કર્મને ભસ્મીભૂત કરનાર - सितं ध्मातं येन स सिध्दः। આપણા જીવમાં શક્તિ છે કે તે કર્મને ભસ્મીભૂત કરી શકે.

આચાર્ય = પંચાચારનું પાલન કરનાર અને કરાવનાર. આ ગુણ પણ શક્તિરૂપે આપણામાં છે.

ઉપાધ્યાય = જ્ઞાનાભ્યાસ કરનાર અને કરાવનાર. આનું સામર્થ્ય પણ આપણા જીવમાં છે.

સાધુ = મોક્ષમાર્ગને સાધનાર. આ ગુણ પણ લબ્ધિરૂપે આપણામાં રહેલો છે.

## શિર પર પંચ વસે પરમેસર

વિશ્વનું સર્વોત્કૃષ્ટ તત્ત્વ આપણામાં પ્રતિષ્ઠિત છે... શક્તિરૂપે અભિનિહિત છે... નવ નિધાનને ય શરમાવે એવું આ પરમ નિધાન છે.

अंदर कितना भरा पडा है, कोइ न देखे...

આપણું કર્તવ્ય એ જ છે કે જે આપણામાં પ્રતિષ્ઠિત છે એનો પ્રાદુર્ભાવ કરીએ. આ પરમનિધાન અનાદિકાળથી અજ્ઞાનના નિબિડ પડળોથી આવૃત છે. જ્ઞાનાવરણીય અને મોહનીય કર્મનો વિશિષ્ટ ક્ષયોપશમ થાય, તો આ પરમ નિધાનના દર્શન થઈ શકે. આ ક્ષયોપશમ એ જ આત્મ-ઘટમાં રહેલી સૂક્ષ્મ બારી છે.

## घट में सूछम बारी

અજ્ઞ જીવોને પોતાનામાં પ્રતિષ્ઠિત પંચ પરમેષ્ઠી તો નથી દેખાતા, ઘટમાં રહેલી બારી પણ નથી દેખાતી. કારણ કે પંચપરમેષ્ઠી પણ અગોચર છે અને એ બારી પણ સૂક્ષ્મ છે. બાહ્યદૃષ્ટિ એને જોવા માટે નિરુપયોગી છે. એ તો આંતરચક્ષુથી જ જોઈ શકાય અને આંતરચક્ષુ ઉઘડે છે આત્મ-અભ્યાસથી.

## आप-अभ्यास लखे कोई विरला

કોઈ વિરલ જીવો એવા હોય છે, કે જેઓ આત્મ-અભ્યાસથી આ આંતરવિભૂતિને લક્ષમાં લે છે. તેમનું અવલોકન કરે છે. અનાદિ કાળથી જીવનો આ સંસાર ચાલી રહ્યો છે. અધધધ કહી શકાય એવા આ અનંત કાળમાં કયો પ્રસંગ કે કઈ ઘટના જીવ સાથે નથી ઘટી, એ પ્રશ્ન છે. જીવે કઈ ચેષ્ટા નથી કરી, એ પ્રશ્ન છે. બધું જ કર્યું છે, બધું જ ભોગવ્યું છે, બધા જ દુઃખો સહ્યા છે. બધી જ ચેષ્ટાઓ આચરી છે. નથી કર્યો એક માત્ર આત્મ-અભ્યાસ.

અભ્યાસનો પારિભાષિક અર્થ છે - પુનઃ પુનઃ અનુશીલન. ઉપયોગમાં સતત આત્મગુણો રમતા રહે... યોગોમાં નિરંતર આત્મહિતની હેતુતા જળવાઈ રહે, એનું નામ આત્મ-અભ્યાસ, એનું નામ આત્મપરિણતિનું સાતત્ય. જ્યારે યોગધારા અને ઉપયોગધારામાં આત્મઅભ્યાસનો વિચ્છેદ

થાય છે, ત્યારે પર પરિણતિનો ઉદય થાય છે.

परः प्रविष्टः कुरुते विनाशम्।

પરનો પ્રવેશ વિનાશ નોતરે છે. આત્મસ્વભાવનું સૌંદર્ય, આત્મસમૃદ્ધિની રમણીયતા, આત્મરમણતાનો આનંદ... આ બધાનો એક ઝાટકે વિનાશ કરે છે પર પરિણતિ. પર-પરિણતિનો ત્યાગ એ ભાવધર્મ છે. આત્મઅભ્યાસ દ્વારા જ આ ધર્મની આરાધના શક્ય બને છે. મહોપાધ્યાય શ્રીયશોવિજયજી મહારાજાએ કહ્યું છે -

એમ જાણીને જ્ઞાનદશા ભજી
રહીએ આપ સ્વરૂપ,
પરપરિણતિથી રે ધર્મ ન છાંડીએ
નવિ પડીએ ભવ કૂપ.
(સવા સો ગાથાનું સ્તવન ।।૨-૨૧।।)

પરપરિણતિ = ભવકૂપપતન. સંસાર એક કૂવા જેવો છે. એમાં પતન થાય છે પરપરિણતિથી. એમાંથી બહાર નીકળવા માટે દોરડા જેવો છે આત્મ-અભ્યાસ.

જે વિષયનો અભ્યાસ કરાય તે વિષયમાં કલ્પનાતીત કુશળતા પ્રાપ્ત થાય છે. કોઈ કુશળ ટાઈપિસ્ટને ટાઈપ કરતા જોયો છે? કી બોર્ડ પર નજર પણ કર્યા વિના એ અત્યંત ઝડપથી ટાઈપ કરતો જાય, એની સાથે સાથે જ કાગળમાંથી મેટર વાંચતો જાય... એ કેટલું અદ્ભુત હોય છે... પણ આ તો એક દુન્યવી સિદ્ધિ છે, જે અભ્યાસથી સાધ્ય બને છે. અભ્યાસના આવા પ્રભાવનો લાભ આત્મિકવિકાસમાં પણ લઈ શકાય છે. **ઈષ્ટોપદેશ**માં કહ્યું છે -

ब्रुवन्नपि हि न ब्रूते, गच्छन्नपि न गच्छति।
स्थिरीकृतात्मतत्त्वस्तु, पश्यन्नपि न पश्यति।।

આત્મ-અભ્યાસના પ્રભાવે જેણે સ્થિરતા મેળવી છે, તે બોલતો હોવા છતાં પણ વાસ્તવમાં બોલતો નથી. ચાલતો હોવા છતાં ય હકીકતમાં ચાલતો નથી. અને જોતો હોવા છતાં પણ જોતો નથી.

હા, આ વસ્તુ પણ શક્ય છે. જેમ કે આંખો ખુલ્લી હોવા છતાં પણ પ્રેમીને સામેનું દશ્ય દેખાતું નથી. કારણ કે એ પ્રેમિકાના વિચારોમાં ખોવાઈ ગયો છે. જેનું મન આત્મામાં જ સ્થિર બની ગયું છે, એ બાહ્યદષ્ટિએ સક્રિય હોવા છતાં ય પરમાર્થદષ્ટિએ નિષ્ક્રિય રહે છે.

## आप अभ्यासे लखे कोइ विरला
## निरखे 'ध्रू' की तारी

આત્મ-અભ્યાસ એવી વિશિષ્ટ કક્ષાને આંબી જાય, ત્યારે ધ્રુવના તારા = પરમાત્મતત્ત્વના દર્શન થાય છે. આ દર્શન જ આત્માને અમરત્વનું અર્પણ કરે છે. **ઉપનિષદો**માં કહ્યું છે -

दृष्ट्वा तं मृत्युमत्येति।

જે આ પરમ તત્ત્વનું અવલોકન કરે છે, તે મૃત્યુને ઓળંગી જાય છે.

પ્રસ્તુત પંક્તિઓમાં સાધનાના ચાર સોપાન દર્શાવ્યા છે.

(૧) અંતર્વિરાજિત પરમેષ્ઠી-પરિચય
(૨) ક્ષાયોપશમિક ભાવોનું સંપાદન
(૩) આત્મ-અભ્યાસ
(૪) પરમતત્ત્વ-પ્રેક્ષણ

પગથિયા ચઢતા જાઓ અને ઉપલો માળ આવે જ છૂટકો છે, એ ન આવે એવું બને જ નહીં. સાધનાના ઉપરોક્ત સોપાનો સર કરતા જાઓ, તમને મળવા સિવાય સિદ્ધિ પાસે બીજો કોઇ જ વિકલ્પ નથી.

પૂ. દેવચંદ્રજી મહારાજે જાણે છાતી ઠોકીને કહ્યું છે -

**કારણે કાર્ય-નિષ્પત્તિ શ્રદ્ધાન છે.**

પરમતત્ત્વના દર્શન કર્યા એટલે એનાથી મારી ભવભીતિ દૂર થવાની જ. પરમતત્ત્વના દર્શન એ કારણ છે અને સિદ્ધિ એ કાર્ય છે. કારણની હાજરીમાં કાર્ય અવશ્ય થાય જ. એવી મને દઢ શ્રદ્ધા છે.


માટે જ પૂ. આનંદઘનજી મહારાજે કહ્યું છે -


**અભિનંદન જિન ! દરિશણ તરસીએ**

ઝંખના કરવી જ હોય તો 'પરમ'ના દર્શનની ઝંખના કરી લેજો, કારણ કે 'પરમ'ના દર્શન થશે, એટલે સિદ્ધિની ઝંખના આપોઆપ સાકાર થઇ જવાની છે.

## निरखे 'ध्रू'की तारी

આ 'ધ્રુવ તારા'નું તારક દર્શન થઇ શકે, એનો રામબાણ ઉપાય અંતિમ કડીમાં રજુ થઇ રહ્યો છે...






आशा मारी आसन धरी घट में,
अजपाजाप जगावे;
आनंदघन चेतनमय मूरति,
नाथ निरंजन पावे...४

**अवधू ! क्या सोवे तन मठ में...?**

આશાનો વિલય કરી, અંતરમાં આસન જમાવી બાહ્યધ્વનિથી અનુચ્ચરિત જાપ ને જાગૃત કરે, તે આનંદઘનસ્વરૂપ નિરંજન નાથની ચૈતન્યમય મૂર્તિને પ્રાપ્ત કરે છે. ||૪||

રાજા ચંદ્રગુપ્તનો ભાગીદાર રાજા હતો પર્વત. જ્યારે વિષપ્રયોગથી પર્વત રાજા તરફડિયા મારવા લાગ્યો, ત્યારે ચંદ્રગુપ્ત બેબાકળો બની ગયો. ઉપચારો કરવાની પેરવી કરવા લાગ્યો. એ જ સમયે ચાણક્યે તેને ઈશારો કર્યો, ''ચૂપચાપ જે ચાલે છે, તે જોયા કર.''

ચંદ્રગુપ્ત સ્તબ્ધ થઇ ગયો. ''પણ પણ આ પર્વતરાજા...''
''હા, એ તારો ભાગીદાર છે, રાજનીતિ કહે છે - अर्धराज्यहरं मित्रं यो न हन्यात् स हन्यते - અડધા રાજ્યના ભાગીદારને જે મારે નહીં, તે પોતે તેનાથી મરાય છે... બસ, ચૂપચાપ જોયા કર...'' જેને સાંભળી પગ નીચેથી ધરતી સરકવા લાગે એવી આ રાજનીતિની વાત છે. ધર્મનીતિ સાથે તેનો મેળ થાય એમ નથી. પણ જ્યારે આંતરશત્રુઓના વિનાશની વાત હોય, ત્યારે એ જ રાજનીતિ ધર્મનીતિ બની જાય છે. આંતરશત્રુઓને જે ન હણે, એ પોતે તેમનાથી હણાઇ જાય છે. આજે તમારી પાસે સમજ છે, શક્તિ છે, સાનુકૂળતા છે. તો પૂરી તાકાતથી આંતરશત્રુઓ પર તૂટી પડો. તેઓ તટસ્થ લાગે, તો ય એમની દયા ન ખાઓ. એમણે જ તો અનંત વાર આપણને નરકમાં ધકેલ્યા છે, અનંત વાર આપણા બુરા હાલ કર્યા છે, આપણને ક્યાંયના નથી રાખ્યા. આજે જો આપણે ગાફેલ રહ્યા તો એ જ ભયાનક ઈતિહાસનું પુનરાવર્તન થશે. આ સમગ્ર સ્થિતિને ધ્યાનમાં રાખીને પૂ. આનંદઘનજી મહારાજે બે શબ્દ કહ્યા છે -

## આશા મારી

મહાભયાનક આંતરશત્રુ છે આશા. ઈચ્છા, કામના, સ્પૃહા, તૃષ્ણા, ઝંખના એ બધા તેના જ પર્યાયો છે. પહેલું કામ એવું કરો કે જેનાથી આશા મરી પરવારે. બીજું કામ કરવાનું છે અંતરમાં આસન જમાવવાનું -

## આસન ધરી ઘટ મેં

આજ સુધી આ જીવે ક્યાં ક્યાં આસન નથી જમાવ્યું, એ પ્રશ્ન છે. ગ્રામપંચાયતના સરપંચની સીટથી માંડીને નવ-ગ્રૈવેયકના સર્વોત્કૃષ્ટ સિંહાસન પર પણ જીવ અનંત વાર બેસી ચૂક્યો છે. બે કલાકની વિનશ્વર સભાના ઈત્વરકાલીન પ્રમુખ પદની ખુરશી મળી જાય અને આજે જીવ હરખપદુડો થઇ જાય છે. ત્યારે લાગે છે કે તેના ભૂતકાળની તેને કોઇ જ ગતાગમ નથી. 'યહ તો કુછ ભી નહી...' વધુ શોચનીય વાત તો એ છે કે ઉત્તરોત્તર ઉચ્ચતર કક્ષાના સિંહાસનો ય આત્માનું કોઇ જ કલ્યાણ નથી કરી શક્યા, અરે, બલ્કે અહંકાર આદિ દોષોની પુષ્ટિ કરીને આત્માનું ભયંકર અહિત જ કરી ચૂક્યા છે, ત્યારે આજે એ સિંહાસનોની સરખામણીમાં જે તદ્દન ક્ષુદ્ર અને નજીવી છે, એવી 'સીટ' પર મમત્વ કેમ થાય છે? એની ખેંચતાણ ખાતર કલેશ અને સંક્લેશ કેમ વહોરવામાં આવે છે?

અનાદિકાળની આ બાલિશતા છે, એનું બારમુ કરી દો, મુકી દો બધી મથામણ... આજે એક અલૌકિક સિંહાસન પર પ્રતિષ્ઠિત થવાનો મનોરથ કરો...

## આસન ધરી ઘટ મેં

હવે તો બિરાજિત થવું છે આત્મસિંહાસન પર. હવે તો પ્રતિષ્ઠિત થવું છે એક માત્ર સ્વસ્વરૂપમાં.

એક યુવાન, પરિવાર સાથે વર્લ્ડ ટુર કરી આવ્યો. એ જ દિવસે તેનો એક મિત્ર મળ્યો. અલકમલકની વાતો ચાલતી હતી, તેમાં મિત્રે પ્રશ્ન કર્યો, ''બહાર ફરવાથી ઘણી વસ્તુઓ જાણવા-શીખવા મળે છે, તું શું શીખ્યો?'' ઠાવકે મોઢે યુવાને જવાબ આપ્યો, ''એ જ, કે ઘર જેવું ઉત્તમ સ્થાન બીજું એકે ય નથી.''

જ્ઞાની ભગવંતો કહે છે, બીજે બધે ભટકી ભટકીને માત્ર બળવાનું છે. ઠરવું હોય, તો સ્વસ્વરૂપમાં લીન થઇ જાઓ, આત્મસ્વરૂપમાં પ્રતિષ્ઠિત થઇ જાઓ.

## आसन धरी घट में

ખુરશીની ખેંચતાણ અહંકારની નિપજ હોય છે. અહંકારને છોડવો કઠિન લાગે, તો અહંકારને બરાબર પકડી રાખો. અહંકાર ઉંચામાં ઉંચો રાખો. અને નક્કી કરો કે જે ખુરશી પરથી ક્યારે પણ નીચે ઉતરી જવું પડે તેમ હોય, તે ખુરશી પર કદી બેસવું નહીં. જે ખુરશી પોતે જ ઉથલો મારે તેમ હોય, આપણને ગબડી પાડે તેમ હોય, તેની સ્વપ્નમાં ય ઝંખના કરવી નહીં. સિંહાસન તો શાશ્વત જોઇએ. બેઠા નથી ને ગબડી પડ્યા નથી, એવા આસનને પનારે પડવામાં સ્વમાન ક્યાં રહે? ગૌરવ શે સચવાય? ખરો અહંકાર હોય, તો પસંદગી કરજો શાશ્વત સિંહાસનની. જે પદવી છે દુનિયાના બેતાજ બાદશાહની. જે સિંહાસન પરથી વિશ્વની કોઇ શક્તિ ઉતારી શકતી નથી. જ્યાંથી પદભ્રષ્ટ થવું તદ્દન અસંભવિત છે.

## आसन धरी घट में

અજ્ઞાની દેશ, ગામ, ઘર કે શરીરમાં વસે છે. જ્ઞાની પોતાના આત્મામાં વસે છે. 'ઘટમાં આસન ધરવું' એટલે આત્મનિવાસ કરવો... સ્વસ્વરૂપમાં રમણ કરવું... એક ગુર્જર હિતશિક્ષા છે -

બેસવું એવું જોઈ, ઉઠાડે નહીં કોઈ.

બેસતા પહેલા જ વિચાર કરી લેવો જોઇએ, કે હું અહીં બેસીશ, પછી અહીંથી મને કોઇ ઊભો તો નહીં કરે ને? કોઇ મને અહીંથી ઊભો કરે, એના કરતા બહેતર છે, કે હું ત્યાં જ બેસું, કે જ્યાંથી મને કોઇ ઉઠાડે નહીં... જ્યાંથી કોઇ ન ઉઠાડે... જ્યાં કોઈની આધીનતા નથી... જ્યાં શાશ્વત સ્થિતિ છે... એવું એક માત્ર સ્થાન છે અંતરાત્મા.

## आसन धरी घट में

આશાવિનાશ અને સ્વરૂપપ્રતિષ્ઠા આ બે અનુષ્ઠાનો સિદ્ધ થાય એટલે ત્રીજા કર્ત્તવ્યનો અવસર આવે છે, જેનું નામ છે, અજપાજાપજાગૃતિ.

## अजपाजाप जगावे

વાલિયા લૂંટારાને જ્યારે 'રામ'નો જપ આપવામાં આવ્યો, ત્યારે એ પદનો જાપ કરતા એને નવ નેજે પાણી ઉતરી ગયું. છેવટે કોઈની સલાહથી એણે મરા... મરા... જાપ ચાલું કર્યો... જે જાપ ટૂંક જ સમયમાં 'રામ... રામ' માં પરિણમન પામ્યો. વ્યુત્થાનદશામાં જાપ આયાસસાધ્ય બને છે. ત્યાર બાદ જ્યારે ઉત્તરોત્તર વિશુદ્ધ કક્ષાઓ સિદ્ધ થાય, ત્યારે આયાસની આવશ્યકતા ઘટતી જાય છે. આની ચરમ સીમા ત્યારે આવે છે જ્યારે સંપૂર્ણતયા નિરાયાસપણે ભીતરમાંથી જપમંત્રનો નાદ ગુંજાયમાન થાય છે, આનું જ નામ અજપાજાપ.

## अजपाजाप जगावे

કોઈ પણ સાધના જ્યારે અનાયાસસાધ્ય બને છે, ત્યારે તે સહજ બને છે. સહજ સાધના પૂર્ણપણે પ્રાકૃતિક હોય છે. વિભાવો અને વિકૃતિઓથી મુક્ત હોય છે. જાપ તો એક ઉપલક્ષણ છે. સમગ્ર સાધના અનાયાસસાધ્ય બને એવો અભ્યાસ કરવો જોઈએ. એવું શક્ય બને છે સમ્યક્ સાતત્યથી. આ જ સાતત્યનું ચરમ અને પરમ પરિણામ છે પરમપદની પ્રાપ્તિ.

**आनंदघन चेतनमय मूरति**
**नाथ निरंजन पावे**

જેમાં આનંદમાત્રની અસ્મિતા છે, અને દુઃખમાત્રની નાસ્તિતા છે, એનું નામ આનંદઘન. એ જ ચૈતન્યમય મૂર્તિ છે, અર્થાત્ જ્ઞાનસ્વરૂપ છે. તથા એ જ નિરંજન નાથ છે, અર્થાત્ સર્વ વિભાવોથી નિર્લેપ છે. આ નાથની પ્રાપ્તિ એટલે જ સ્વસ્વરૂપનું પ્રાકટ્ય.

આત્મજાગૃતિથીમાંડીનેઆત્મસ્વરૂપપ્રાકટ્ય સુધીની આ આત્માનુભૂતિ-યાત્રા છે. આના પ્રત્યેક પાસાઓને આંતરપ્રેક્ષાથી પિછાણીએ, એના પ્રત્યેક સોપાનો પર અધ્યારોહણ કરીએ... પરમપદ આપણું ઉમળકાસભર અભિવાદન કરવા માટે ક્યારનું ય ઉત્સુક છે.

જેઠ સુદ ૬
વિ.સં.૨૦૬૭

જિનાજ્ઞાવિરુદ્ધ લખાયું હોય, તો મિચ્છામિ દુક્કડમ્



the self-establishment the self-establishment the self-establishment the self-establishment

નિદ્રા...

ઘસઘસાટ નિદ્રા...

અનાદિની ઘોર નિદ્રા...

કોઈ જગાડી રહ્યું છે,

આપણે જાગી જઈએ.

A GREAT STEP TO

THE SELF-ESTABLISHMENT

MULTY GRAPHICS